સુરત મહાનગરપાલિકા
એન્વાયરોમેન્ટ સેલ
ડ્રેનેજ વિભાગ

# જાહેર નોટીસ

આથી જાહેર જનતાને હું બંછાનિધિ પાની, આઈ.એ.એસ., કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત, ફરમાવું છું કે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ [SWM Rules] 2016 તથા કેન્દ્ર સરકારશ્રીના વન અને પર્યાવરણ મંત્રાલયના તા.૧૮/૦૩/૨૦૧૬ ના નોટિફીકેશનથી કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (C & D Waste) મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અનુસાર સુરત મહાનગરપાલિકાએ એક સ્વાયત સંસ્થા તરીકે તથા કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (C & D Waste) ના ઉત્પન્ન તથા એકત્રીકરણ ની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સંસ્થાઓ/વેસ્ટ જનરેટર/ડેવલોપર્સ/ઈસમો/NGO વિગેરે ધ્વારા સુરત શહેરમાં ઉત્પન્ન થતાં કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (C & D Waste) નિકાલ અંગેની જવાબદારી નિભાવવાની થાય છે. જે સંદર્ભે અત્રે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ ઠરાવ નં.૫૯૨/૨૦૧૬, તા.૩૧/૦૩/૨૦૧૬ થી નીચે જણાવેલ સંસ્થાને આ કામગીરી ૨૦ વર્ષના સમયગાળા માટે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ધોરણે સોંપણી કરવામાં આવેલ છે.

**સંસ્થાનું નામ : સુરત ગ્રીન પ્રિકાસ્ટ પ્રા.લી., સુરત**

**સરનામું : બ્લોક નં.૮૩૦–૮૩૩, રીલાયન્સ ક્રોસ રોડ પાસે, કોસાડ, સુરત**

**ઓફિસ : ૪૦૨/૫૦૨, મૈત્રી, એફિલ ટાવર પાસે, લંબેહનુમાન રોડ, સુરત**

**ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૧૨૨ ૮૨૯**

સુરત શહેર વિસ્તારમાં કાર્યરત કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (C & D Waste) ના ઉત્પન્ન તથા એકત્રીકરણ ની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સંસ્થાઓ/વેસ્ટ જનરેટર/ ડેવલોપર્સ ઈસમો/NGO વિગેરે તમામને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા ધ્વારા કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (C & D Waste) મેનેજમેન્ટ અંગે અધિકૃત કરવામાં આવેલ ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડની માન્યતા પ્રાપ્ત ઉકત સંસ્થા સાથે કરવામાં આવેલ કરારનામાની શરતોને આધિન આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં જોડાણ કરી લેવા જણાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરાયેલ કલેકશન સેન્ટરોની વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ (www.suratmunicipal.org) પરથી મળી રહેશે.

વધુમાં આથી એ પણ જણાવવાનું કે મુદત વિત્યે જો કોઈ પ્રાઈવેટ સંસ્થાઓ/વેસ્ટ જનરેટર/ડેવલોપર્સ/ઈસમો/NGO બિન અધિકૃત રીતે તથા નિયમ વિરુધ્ધ કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ (C & D Waste) એકત્રીકરણ કે નિકાલ કરતી માલુમ પડશે તો તે અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેની નોંધ લેવા વિનંતી.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા